જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૦/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી ૧૯ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૩ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૮૩૧/૧૬

ઇસનપુરઃ અનવરખાન અસદખાન પઠાણ (ઉ.વ.૨૧) (રહે.નવાબનગર ચોકના છાપરા, બશીર કિરાણા સ્ટોર્સની પાસે, મિલ્લતનગર, શાહઆલમ) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૦/૧૬ કલાક ૦૦/૧૫ થી ૦૦/૩૦ વાગ્યાના સુમારે આરોપી સાહીદ યુસુફભાઇ અંસારી (રહે. બશીર કિરાણા સ્ટોર્સની પાછળ, નવાબનગરના છાપરા, મિલ્લતનગર, શાહઆલમ) એ મોસીનભાઇનુ કારખાનુ બંધ હોવા બાબતે અનવરખાનના પુત્ર સહેજાદ ઉર્ફે બાબુ સાથે બોલાચાલી ઝગડો કરી આરોપી સાહીદે છરી વડે સહેજાદને છાતીના ભાગે ત્રણ-ચાર ઘા મારી જીવલેણ ઇજાઓ કરી હતી. ઈજાગ્રસ્ત સહેજાદને સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)